જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૪/૨૦૧૬ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૩૩ લીટર દેશી દારૂ અને ૦૨ બિયર ટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૯૧/૧૬**

**વાડજ** : કમળાબહેન પુનમાજી મારવાડી (રહે. રણછોડભાઇની ચાલી, જીવણભાઇ રબારીનાં મકાનમાં, રામાપીરનો ટેકરો, નવા વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૪/૧૬ નાં કલાક ૯/૦૦ થી ૧૨/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઘર નજીકથી પોતાની દિકરીઓ (૧) મધુ (ઉ.વ.૧૭) અને (૨) ભગવતી (ઉ.વ.૧૪) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**બળાત્કારની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૬૯૨/૧૬**

**કાગડાપીઠ** : કાગડાપીઠ વિસ્તારમાં રહેતી ૨૧ વર્ષની યુવતીએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૪/૧૬ સવારનાં ૯/૦૦ થી બપોરનાં ૨/૦૦ વાગ્યાના સુમારે ભુલાભાઇ પાર્ક બસ સ્ટેન્ડ નજીકથી યુવતીને ગાડીમાં બેસાડી, આરોપી શાહીલ (રહે.બેહેરામપુરા) નાં ઘરે લઇ જઇ, આરોપી જીગ્નેશ પ્રવીણભાઇ રાઠોડે બળજબરીથી યુવતીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.કે.રાણા ચલાવે છે.

**સોનાની ચેઈન ખેંચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૬૯૩/૧૬**

**સોલા હાઇકોર્ટ** : પ્રેમીલાબહેન નટવરલાલ ગજ્જર (ઉ.વ.૫૬) (રહે.ત્રીવેણી ટ્રીંસ, કેશવબાગ પાર્ટી પ્લોટ પાસે, સોલા ગામ) તા.૨૭/૩/૧૬ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે મંગલદિપ પાર્ટી પ્લોટથી રવી રાજ સોસાયટી વચ્ચે રોડ ઉપરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પ્રેમીલાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પ્રેમીલાબહેન ગજ્જરે તા.૧૩/૪/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.કે.શ્રીમાળી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ચાંદખેડા** : શિલ્પાબહેન સંતોષકુમાર જોષી (ઉ.વ.૩૫)(રહે.ઇશાન સીલ્વર ન્યુ સી.જી.રોડ, ચાંદખેડા) તા.૨૨/૧/૧૬ ના કલાક ૧૨/૪૫ વાગ્યાના સુમારે ન્યુ સી.જી.રોડ, સ્પ્રીંગ વેલી પાર્ટી પ્લોટ નજીકથી સ્કુટી ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ વર્ષ આશરાના) શિલ્પાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શિલ્પાબહેન જોષીએ તા.૧૩/૪/૧૬ નારોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૬૯૪/૧૬**

**શહેરકોટડા** : સુષ્માબહેન બીપનચંદ્ર પરમાર (ઉ.વ.૧૮)(રહે.જીવરામ ખુશાલદાસનાં છાપરાં, ઇટવાડ સરસપુર) તા.૧૧/૪/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ફટાકડાની દિવેટો બનાવતાં હતા દરમ્યાન બાજુનાં મકાનમાંથી વેલ્ડીંગનાં તણખા પડતાં, ભડકો થતાં, સુષ્માબહેન શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર અર્થે તેમને શારદાબહેન હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૪/૧૬ સાંજનાં ૬/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ રતનસિંહ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૯૫/૧૬**

**"જે" ડીવીજન ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** તા.૧૨/૪/૧૬ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે વટવા કેનાલ રીંગ રોડ ઉપરથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ડમ્ફર ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી કંકુબહેન પલાભાઇ ભરવાડ (ઉ.વ.૪૫)(રહે.રવાણી, ખીજડીયા, તા.જી.જામનગર) ને ટક્કર મારતા, કંકુબહેનને શરીરે ગંભીર ઈજાઓ થતાં, તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે "જે" ડીવીઝન ટ્રાફીક પોલીસે ગુનો નોધી, આ અંગેની તપાસ પો.ઈ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)